# રાજ્યનું અંદાજપત્ર ૨જી જુલાઈએ રજૂ થશે

**વિધાનસભાનું બજેટ સત્ર બીજી જુલાઈથી શરૂ થશે, ૨૧ દિવસ ચાલશે : મોડીસાંજે વિધિવત જાહેરનામુ પ્રસિદ્ધ કરાયું**

ગાંધીનગર,તા.૪

ગુજરાત વિધાનસભાનું સત્ર બીજી જુલાઈએ મળશે. અને આ સત્ર ૨૧ દિવસ ચાલશે. તેમ જ આ સત્રમાં જ રાજ્યનું પૂર્ણ બજેટ રજૂ થશે. લોકસભાની ચૂંટણીને કારણે આચારસંહિતા લાગુ પડી હોવાથી છેલ્લા બે મહિનાથી ગુજરાત સરકાર કોઈ નીતિવિષયક નિર્ણયો લઈ શકી નથી. અને ગુજરાતના બજેટને સ્થાને ત્રણ મહિનાનું લેખાનુદાન રજૂ કર્યું હતું. લોકસભાની ચૂંટણી પૂર્ણ થઈ છે. આચારસંહિતાનો અંત આવી ગયો છે.

હવે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ વિધાનસભાનું સત્ર બોલાવવાની મંજૂરી આપી છે. ગુજરાત વિધાનસભાનું સત્ર ૨ જુલાઈથી શરૂ થશે. પ્રથમ દિવસે રાજ્યપાલનું ભાષણ અને ૩ જુલાઈએ ગુજરાતનું પૂર્ણ વર્ષનું બજેટ રજૂ કરાશે. આ સત્ર ૨૧ દિવસ ચાલશે. કોંગ્રેસ પણ રાજ્ય સરકારને ઘેરવા માટેનવી રણનીતિ બનાવી સામનો કરવા મેદાનમાં આવી રહ્યો છે.

## બિચારા - બાપડા વૃક્ષો....



## એક લાખથી વધુનો બાકી મિલ્કતવેરો ધરાવતા મિલ્કતધારકોને મનપાએ નોટીસ પાઠવી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગર પાલિકાના તંત્ર દ્વારા રૂ. એક લાખથી વધુનો મિલ્કતવેરો બાકી ધરાવતા ૨૪૦થી વધુ મિલ્કતધારકોને આજે નોટીસ ફટકારી છે.

મનપા તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ મોટી રકમના મિલ્કતધારકોને નોટીસ આપી ચેતવણી આપવામાં આવી છે કે તાકીદે વેરો ભરો નહિતો સીલીંગની કાર્યવાહીનો સામનો કરવા તૈયાર રહો.

રૂ. ૧ લાખથી ૩ લાખ સુધીનો મિલ્કતવેરો બાકી હોય તેવા મિલ્કત ધારકો, ૩ લાખથી ૫ લાખ સુધીનો મિલ્કતવેરો બાકી હોય તેવા મિલ્કત ધારકો અને ૫ લાખથી વધુ મિલ્કતવેરો બાકી હોય તેવા મિલ્કતધારકોની ત્રણ ભાગમાં તંત્રએ યાદી તૈયાર કરી છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે રૂ. ૫૦ હજારથી એક લાખ સુધીનો મિલ્કતવેરો બાકી હોય તેવા મિલ્કતધારકોની યાદી પણ તૈયાર કરવાની કામગીરી હાલ ચાલી રહી છે. આ મિલ્કતદારકોને પણ આગામી સપ્તાહમાં નોટીસ પાઠવવામાં આવશે.

મહાનગરપાલિકાનો એડવાન્સ ટેક્સ ભરનારને વળતર આપવાની યોજનાનો લાભ નગરના ૪૮ ટકા મિલ્કતધારકોએ લીધો હતો જે ઉલ્લેખનીય છે. રૂ. ૧૭ કરોડની આવક મિલ્કતવેરાની થઈ છે જે વિક્રમ સમાન છે. આ વળતર યોજનાના અંતિમ દિવસે જ રૂ. ૮૨ લાખની આવક થઈ હતી.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સરકારના જે વિભાગો પાસેથી મિલ્કતવેરાની વસુલી બાકી છે તે માટે અલગથી સરકાર સાથે બેઠક કરવાની કવાયત પણ હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગુડાના ટી પી વિસ્તારમાં ૪૦ કીમીનુ રોડ નેટવર્ક ઉભુ કરાશે

**આગામી ઓગષ્ટ મહીનાથી કામ શરૂ થશે : અંદાજિત ૪૫ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૪

ગુડા વિસ્તારમાં રસ્તાના નવા કામો હાથ ધરાશે. શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા એસ જી હાઈવેથી ઉત્તર અને દક્ષિણ એમ બન્ને બાજુ સ્થિત ટી પી વિસ્તારમાં માર્ગોના કામ હાથ ધરાશે. જયારે ટી પી વિસ્તારમાં ૪૦ કી મી ના રસ્તાના નિર્માણ માટે અંદાજિત રૂ ૪૫ કરોડનો ખર્ચ કરાશે. આ કાર્યયોજનાને અનુલક્ષીને ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરી દેવામાં આવી છે. આગામી ઓગષ્ટ મહીનામાં પ્રાથમિક કામગીરી શરૂ કરી દેવાશે.

શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં સ્થિત વિવિધ ટી પી માં વિકાસના અનેક વિધ કામો હાથ ધરવામાં આવે છે. ગુડા વિસ્તારમાં નવા ઉદ્યાનો, પાણી ગટર તેમજ રસ્તા અને લાઈટના માળખાગત સુવિધાના કામો પણ તબક્કાવાર હાથ ધરવામાં આવી રહ્યા છે. ટી પી વિસ્તારમાં વિકાસના નવા આયામોને ધ્યાને લઈ માળખાગત સુવિધાઓ પણ મજબુત કરવા માટે આયોજન કરાયુ છે. અગાઉ વિવિધ ગામોમાં અજવાળુ પાથરવા સ્ટ્રીટ લાઈટનુ કામ પણ હાથ ધરાયુ હતુ. જયારે આગામી દિવસોમાં હવે રોડ નેટવર્ક ઉભુ કરવા માટે પણ પ્લાનીંગ કરી દેવાયુ છે. જે અન્વયે એસ જી હાઈવેની બન્ને બાજુ સ્થિત વિવિધ ટી પી ને અનુલક્ષી રસ્તા નિર્માણની કામગીરી હાથ ધરાશે. વાવોલ, પેથાપુર, કુડાસણ, સરગાસણ , રાયસણ સહીતની વિવિધ ટી પી માં રોડ નેટવર્ક ઉભુ કરવા માટે કામગીરી હાથ ધરાશે. ગુડા વિસ્તારની તમામ ટી પીમાં રસ્તાની સુવિધાઓ ઉભી કરવા માટે તૈયારી કરવામાં આવી રહી છે. આ કાર્યયોજના અન્વયે વિવિધ ટી પીમાં અંદાજિત ૪૦ કી મી નુ રોડ નેટવર્ક ઉભુ કરાશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૪૫ કરોડનો ખર્ચ કરાશે. જો કે આ કામગીરી અન્વયે હવે ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવશે. ત્યારબાદ આગામી ઓગષ્ટ મહીનામાં પ્રથમ તબક્કમાં કાચુ કામ શરૂ કરાશે. જેના અંતે રસ્તા નિર્માણની કામગીરીને અંજામ આપવામાં આવશે. ગુડા વિસ્તારમાં આ ઉપરાંત ટુંક સમયમાં આવાસ યોજનાના નિર્માણ માટેની કાર્યયોજના પણ આખરી કરાશે. જો કે હજુ આ મામલે હજુ પ્લાનીંગ ચાલી રહ્યુ છે.

## શાળાઓમાં વેકેશન લંબાવવામાં આવશે નહી : શિક્ષણમંત્રી



ગાંધીનગર તા ૪

ગાંધીનગર સહીત સમગ્ર રાજયમાં કાળઝાળ ગરમીનુ મોજુ ફરી વળ્યુ છે. જયારે આકરી ગરમી સહીત રાજયના વિવિધ વિસ્તારોમાં પાણીની અછતના મામલે શાળાઓમાં વેકેશન લંબાવવાની માંગણી વાલી મંડળ દ્વારા કરવામાં આવી હતી. શાળાઓમાં તા ૧૭ જુન સુધી વેકેશન લંબાવાની માંગણીને અનુલક્ષી સરકાર દ્વારા પણ પ્રાથમિક તબક્કે હકારાત્મક વિચારણા હાથ ધરવામાં આવી હતી. જો કે આજે શિક્ષણમંત્રીએ આ મામલે શાળાઓમાં વેકેશન નહીં લંબાવવાનો નિર્ણય જાહેર કર્યો છે. જેથી હવે શાળાઓમાં નવુ શૈક્ષણિક સત્ર રાબેતા મુજબ ૧૦ જુનથી ચાલુ થશે ઉનાળાની આકરી ગરમીમાં હાલ શાળા કોલેજોમાં વેકેશન ચાલી રહ્યુ છે.જયારે ગરમીએ હદ વટાવતા ઘરની બહાર નિકળવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. આવા સંજોગોમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ દ્વારા શાળાઓમાં વેકેશન લંબાવવા માટે પ્રબળ માંગણી કરવામાં આવી હતી. જયારે સરકારે પણ આ મામલે વિચારણા હાથ ધરી હતી. શાળાઓમાં આગામી તા ૧૭ જુન સુધી વેકેશન આપવા માટે પણ માંગણી કરાઈ હતી. જયારે શિક્ષણ વિભાગ દ્વારા વેકેશન લંબાવવાના મામલે પણ હકારાત્મક વિચારણા પણ હાથ ધરાઈ હતી. જો કે આગામી દિવસોમાં નવા શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળા પ્રવેશોત્સવ તેમજ વિશ્વ યોગા દિવસની ઉજવણી સહીતના કાર્યક્રમોનુ આયોજન પણ હોવાથી વેકેશન લંબાવાનો વિચાર પણ પડતો મુકાયો હોવાનુ મનાઈ રહ્યુ છે. રાજયમાં ગરમી પ્રકોપ,પાણીની અછત તેમજ સુરતની ઘટના બાદ ઘણી શાળાઓમાં રૂમો તોડી પાડવામાં આવ્યા હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે જેથી આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ વાલીમંડળે વેકેશનને તા ૧૭ જૂન સુધી લંબાવવા રજુઆત કરી હતી. જયારે પ્રાથમિક તબક્કે સરકારના હકારાત્મક અભિગમ બાદ આખરે શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉનાળુ વેકેશન નહીં લંબાવાય તેમજ શાળાઓ તા ૧૦ જુનથી નિયત સમયે શરૂ થશે તેમ પણ જણાંવાયુ છે.

## ગરમીનો મિજાજ હજુ આકરો : તાપમાન ૧ ડીગ્રી ઘટયુ

ગાંધીનગર તા ૪

શહેરમાં ગરમીનો કહેર આજે પણ યથાવત રહ્યો હતો. આજે મહત્તમ તાપમાન માત્ર એક ડીગ્રી ઘટયુ હતુ. ગરમીનો પારો ૪૩ ડીગ્રીએ રહ્યો હતો. હોવાથી નગરના જનજીવન પર ગરમીની અસર જોવા મળી હતી. સતત ગરમીના લીધે નાગરિકો

**વાતાવરણ પલ્ટાની સંભાવના વચ્ચે ગરમીનુ જોર ઘટે તેવી આશ**

ગરમીનો પારો સતત ઉંચે રહેતા નગરજનો હજુ હીટવેવના સકંજામાંથી બહાર આવ્યા નથી. શહેરીજનોએ આજે પણ અંગારા વરસાવતી ગરમી સહન કરી હતી. ગરમીનો મિજાજ આજે પણ ઉગ્ર બેબાકળા બન્યા છે. જયારે મહીલાઓમાં પણ ઉન્માદની બિમારીનુ પ્રમાણ વધ્યુ છે. ગરમીનો પારો નીચે ઉતરવાનુ નામ લેતો નથી. ત્યારે હવે નગરજનો વાતાવરણ પલ્ટાની વાટે છે.

ગાંધીનગરમાં આ ઉનાળે ગરમીનો વિકરાળ મિજાજ સૌ કોઈ માટે ચિંતાનો વિષય બન્યો છે. આકરી ગરમીથી નગરજનો ત્રસ્ત છે. છેલ્લા ઘણાં સમયથી ગરમીનો પારો ૪૨ થી ૪૫ ડીગ્રી વચ્ચે ચઢઉતર થયા કરે છે. આવા સંજોગોમાં સતત હીટવેવના લીધે જનઆરોગ્ય પર માંઠી અસર થવા પામી છે. ગરમીએ સૌ કોઈને સુન્ન કરી દીધા છે.

સવારથી જ સુરજદાદા આકરા બનતા અસહ્ય તાપ વચ્ચે ગરમીનુ મોજુ ફરી વળે છે. બે દિવસ અગાઉ ગરમીનો પારો ૪૫ ડીગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. જયારે સતત બે દિવસથી મહત્તમ તાપમાન પણ ઉંચુ ૪૫ થી ૪૪ ડીગ્રી એ સ્થિર રહેતા નગરજનોને

● અનુસંધાન પાન-૭ પર

## લક્ષ્યાંક સિદ્ધિ માટે રોડમેપ તૈયાર કરો : ડી.ડી.ઓ. રાવલ

**રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટના સમય-મર્યાદામાં નિકાલ માટે કડક તાકીદ : પ્રધાનમંત્રી જન આરોગ્ય સેવા માટેના ગોલ્ડકાર્ડ માટે કેમ્પો યોજવા તંત્રની તાકીદ**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતનું તંત્ર વધુ પ્રજાભિમુખ બને તે દિશામાં દરેક શાખાઓ કામગીરી કરે તેના પર જિલ્લા વિકાસ અધિકારીએ આજે વિશેષ ભાર મુકી શાખાઓ લક્ષ્યાંક સિદ્ધિ માટે રોડમેપ તૈયાર કરે તેમ કહ્યુ હતુ

આજે પંચાયતની વિવિધ શાખાઓના અધિકારીઓ સાથે ચાલી રહેલી કામગીરીની તેમણે સર્વગ્રાહી સમીક્ષા કરી હતી. આ ઉપરાંત કૃષિ મહોત્સવ, શાળા પ્રવેશોત્સવ તેમજ સુજલામ સુફલામના કાર્યક્રમોને લઈ તેમણે કામગીરીને વેગીલી બનાવવા ટકોર કરી હતી.

તેમણે કહ્યુ પ્રવેશોત્સવમાં બાળકની શાળા તત્પરતા વધે અને ઉપચારાત્મક કાર્યક્રમોના પ્રકલ્પોનું સારૂ પરિણામ આવે તે જોવા સઘન અભિયાન હાથ ધરવા જણાવ્યુ હતુ. સુજલામ સુફલામ અંતર્ગત જે કામગીરી ચાલી રહી છે તે તેની નિયત સમય-મર્યાદામાં જ સંપન્ન થાય તેવી આકરી ટકોર પણ તેમણે કરી હતી.

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનામાં નબળી કામગીરી અંગે તેમણે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ આ માટે લાભાર્થીઓને ઝડપથી તેમના કાર્ડ ઉપલબ્ધ થાય તે માટે ખાસ કેમ્પો યોજવામાં આવે. તેમણે હીટવેવથી લોકો બચે તે માટે તેમજ મેલેરિયા નાબુદી અભિયાન અને પાણીજન્ય રોગચાળાના છુટાછવાયા કેસો જે નોંધાઈ રહ્યા છે તેમાં તંત્ર સતર્ક રહી કામગીરી બજાવે તે માટે કડક તાકીદ કરી હતી. તેમણે પોષ્ટમોર્ટમ પણ પ્રા.આ. કેન્દ્ર ખાતે થાય તે જોવા પણ ટકોર કરી હતી.

આજની આ બેઠકમાં વિકાસના કામો પણ સમય-મર્યાદામાં સંપન્ન થાય તે જોવા માટે ખાસ આગ્રહ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી રાવલે રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટના અમલને લઈ પણ અધિકારીઓને ટપારતાં કહ્યુ હતુ કે સમય-મર્યાદામાં આ કામગીરી સંપન્ન થાય તો શિક્ષાત્મક પગલાં લેવાની ફરજ પડશે. તેમણે દરેક શાખાને આ માટે ખાસ રજીસ્ટર નિભાવવા પણ તાકીદ કરી હતી.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિમાં જે ખેડૂતોના આધાર લિડીંગની કામગીરી બાકી હોય તે ઝડપથી પૂરી કરવા માટે પણ ટકોર કરી હતી.

## શહેરમાં ભયજનક વૃક્ષો દુર કરવા વનતંત્રની ટીમ કામે લાગી

**વરસાદી દિવસો દરમિયાન ભયજનક વૃક્ષો ગમે ત્યારે જમીનદોસ્ત થતા અકસ્માત સર્જાય છે**



ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં વૃક્ષોની સંખ્યા વિશેષ છે. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગોની આસપાસ હરિયાળા વૃક્ષોની વનરાજી જોવા મળી રહી છે. પરંતુ હરિયાળા વૃક્ષોની સાથે સુકા અને જોખમી વૃક્ષોની સંખ્યા પણ વિશેષ છે. વનતંત્ર દ્વારા આ પ્રકારના ભયજનક વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. વરસાદી દિવસો નજીકમા છે ત્યારે ભયજનક વૃક્ષો દુર કરવા માટે વનતંત્રની ટીમ કામે લાગી છે.

શહેરમાં હરિયાળા વૃક્ષોની જાળવણીનુ કામ મુશ્કેલ બન્યુ છે. આગામી વરસાદી દિવસોમાં નવા રોપાઆની વાવણી કરવા માટે વનતંત્રએ ખાડાઓ

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લામાં શાળા પ્રવેશોત્સવ માટે ૯૫ રૂટ નિયત કરાયા

**૮૦ રૂટ ગ્રામ્ય વિસ્તારની શાળાઓ માટે જ્યારે ૧૫ રૂટ શહેરી વિસ્તારની શાળાઓ માટે**

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં શાળા પ્રવેશોત્સવને લઈ તૈયારીઓનો ધમધમાટ શિક્ષણ વિભાગમાં વધી જવા પામ્યો છે.

જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા હાલ આ માટે ૯૫ જેટલા રૂટ તૈયાર કરવામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા અધિકારીઓ અને પદાધિકારીઓની ફાળવણી થઈ આવે તે પછી તેમાં થોડોક ફેરફાર થવાની શક્યતાઓના નિર્દેશ પણ મળી રહ્યા છે.

મળતી વિગતો પ્રમાણે ગ્રામ્ય વિસ્તાર માટે ૮૦ જ્યારે શહેરી વિસ્તાર માટે ૧૫ જેટલા રૂટ હાલ નિયત કરવામાં આવ્યા છે.

શાળા પ્રવેશોત્સવ માટે તંત્ર દ્વારા આગામી સપ્તાહમાં બી.આર.સી., સી.આર.સી. તેમજ શાળાના આચાર્યો સાથે પણ બેઠક યોજવામાં આવશે અને એક પણ બાળક પ્રવેશથી વંચિત રહી ન જાય તે માટે માર્ગદર્શન સાથે તૈયારીઓની સમીક્ષા કરાશે.

જિલ્લામાં શાળાએ ન જતા જે ગત શૈક્ષણિક સત્ર દરમ્યાન કરાયેલ સર્વેમાં પાંચ હજાર બાળકો જણાયા હતા તેમને શાળાઓ સાથે

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ટચૂકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
BRIDGESTONE
apollo go the distance
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૯૭૭૩૪૧૭૮૩૮, ૮૧૪૦૪ ૬૦૭૬૭ (W)

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com